GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

# શૈશવ–સ્મૃતિઓનું સરનામું: વનાંચલ

**સ્નેહ કાપડિયા**

**વિદ્યાર્થી, સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર**

**સારાંશ**

*જયંત પાઠકના શૈશવની સ્મૃતિઓનો વન–વગડો અને તેમાં ગ્રામ્ય–સંસ્કૃતિ અને પ્રકૃતિનું આહ્લાદક વર્ણન એટલે વનાંચલ. જયંત પાઠક તેમના શૈશવની સ્મૃતિઓ પર બે મુખ્ય પુસ્તક લખે છે. એક તેમનું કાવ્યસંગ્રહ 'અંતરીક્ષ' અને બીજું પુસ્તક એ આ 'વનાંચલ'. જયંત પાઠક સાડા ત્રણ દાયકા પછી તેમના વતન જાય છે. ત્યાં તેમના ગોઠ ગામમાં તેમનું ઘર ઉજ્જડ જુએ છે તથા ગામમાં પણ ઘણીને થોડા ઘણા જ માણસો હતા અને કવિ જેમને પોતાના કહી શકે તેવું ત્યાં કોઈ ઉપસ્થિત ન હતું. તેથી ભારે હૈયે તે ગામમાંથી વિદાય લે છે પણ તેમને આ દુઃખભર્યા વાતાવરણમાં પણ પોતાની શૈશવની સ્મૃતિઓ તેમના મનમાં છે તેનો આનંદ છે અને અંતે તે પોતાના મનમાં વસેલા વનાંચલ તરફ પ્રયાણ કરે છે. આ જ પ્રેરણાથી પ્રેરિત થઈ જયંત પાઠક પોતાના શૈશવના વિતાવેલા યાદગાર પળોને એક સ્મૃતિકથાનું રૂપ આપી આ વનાંચલ લખે છે. અહીં પ્રકૃતિવર્ણન,દાદાની વાર્તા તથા કિસ્સાઓ,ત્યાંની પ્રજાનું આલેખન,તેમના ઉત્સવો અને પ્રસંગો,બાળપણમાં રમેલી રમતો તથા ગ્રામ્ય–સંસ્કૃતિ નું નિરૂપણ કવિએ કર્યું છે. સૌને પોતાનું બાળપણ યાદ અપાવી દે તથા ગ્રામ્ય–સંસ્કૃતિ અને પ્રકૃતિના નિકંદન પર વિચારતા મૂકી દે તેવું આ પુસ્તક 'વનાંચલ' સાચે જ શિષ્ટ સાહિત્યિક કૃતિ છે.*

ઘણી સ્મૃતિઓ એવી હોય છે કે જે કદી વિસ્મૃત થતી નથી. મનોરૂપી રંગમંચ પર તે ઘણી વાર ભજવાતી હોય છે. આ સ્મૃતિઓ રમાય ગયેલાં રાસ જેવી, મંડાય ગયેલાં યુદ્ધ જેવી તથા વીતેલી એવી ક્ષણો છે જે વીતી ગયેલી હોવા છતાં આપણી ભીતર જીવનપર્યંત વસી જાય છે.

સ્મૃતિઓ અતિથિની જેમ મનમોજી હોય છે. તે ઈચ્છે ત્યારે મનોદ્વાર પર આવીને ભાવનારૂપી કપાટ ખટખટાવે છે. એમાં પણ શૈશવની મીઠી યાદો આપણને સૌથી વ્હાલી હોય છે. આ જ શૈશવના સ્મૃતિ તંતુઓને એક તાંતણામાં પરોવીને રચેલ સ્મૃતિકથા એટલે 'વનાંચલ'.

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

' શૈશવની સ્મૃતિ અને સ્મૃતિનું સ્મરણ,
વન–વગડા અને ડુંગરોનું થતું ભ્રમણ;
ઠંડી છાશ અને રોટલાનું જમણ;
યાદો એવી જે ન થાય વિસ્મરણ. '

જયંત પાઠક (૧૯૨૦–૨૦૦૩) ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ કવિઓ પૈકી એક છે. કવિ પોતાને વન,વતન,શૈશવ અને મા થી વિખૂટો પડી ગયેલો પ્રતીત કરે છે. પરંતુ તેમનું મન તો વગડાના સાંનિધ્યમાં જ ફરે છે. તેથી જ શહેરની સભ્યતા વચ્ચે પણ તે બોલી ઊઠે છે :–

' આનંદ છે: સંસ્કારથી હું ધન્ય,
આનંદ છે : થોડો રહ્યો છું વન્ય! '

જયંત પાઠક વનાંચલને સ્મૃતિકથા તરીકે ઓળખાવે છે. પાઠક સાહેબે ભલે ગદ્યમાં સારું લેખનકૌશલ્ય દાખવ્યું હોય, પણ અંતે તો તેમનું હૃદય એક કવિનું જ છે. 'વનાંચલ' એ ગદ્યમાં લખાયેલ હોવા છતાં તેમાંથી એક કાવ્યનું ઊર્મિતત્વ છલકી આવે છે. 'વનાંચલ'માં બાર પ્રકરણ છે. જેને લઈને શ્રી રમેશ એમ. ત્રિવેદી લખે છે, "બાર પ્રકરણોમાં બાર પાંખડીઓવાળુ સ્મૃતિસંવેદનોથી ધબકતું અને મહેકતું જાણે ગુલાબ જ જોઈ લો !" સમગ્રતયા કહી શકાય કે 'વનાંચલ' એટલે સંવેદનશીલ કવિની સ્મૃતિકથા.

- **પ્રકૃતિ–સૌંદર્યનું આહ્લાદક નિરૂપણ**

"પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા પાસે નાનકડું ગોઠ ગામ, ગામને અડીને સર્પાકાર વહી જતી નાની નદી કરડ –બારેમાસ પાણીથી ભરપૂર – નદીનાં સામે કાંઠે ઉત્તર દિશામાં એક ડુંગરો નામે મોરડિયો, ઘાટીલો ને ગૌર – મુગ્ધાના સ્તન જેવો. એની ઉપર અસ્ફુટ ભાવોના આછા રોમાંચ જેવા સાગના સોટા, આ રાજ્યનું સોનું, વનનું મહામૂલું ધન."

ગ્રામ્ય–સંસ્કૃતિ અને પ્રકૃતિ એ કવિનાં શૈશવના અભિન્ન અંગ છે. તેથી જ આરંભ પણ પોતાના પ્રદેશના લોકો તથા પ્રકૃતિના વર્ણનથી કરે છે. બીજા જ પાના પર આવું મધુર અને રસિક વર્ણન દ્વારા આ વર્ણનમાં પણ જાણે કાવ્યસરિતા વહેતી હોય તેવું પ્રતીત થાય. વન્ય પ્રાણીઓ તથા પક્ષીઓને પણ કવિએ અહીં ચિત્રિત કર્યા

GYANBODH

ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

છે. વિવિધ પ્રકારના ફળોનાં વૃક્ષ, જંગલી વનસ્પતિ તથા ડુંગરાળ વિસ્તારના દેશી વૃક્ષોનું સુંદર વર્ણન અહીં કવિએ કર્યું છે.

"કુદરત એટલે આપણી મા. છાણિયા ખાતરથી અનાજમાં જે મીઠાશ આવે તે ટ્રેક્ટરથી ખેડાયેલા ખેતરના અનાજથી આવતી નથી." – મનુભાઈ પંચોળી

આવા વર્ણનથી તો જયંતભાઈ સાચે જ વગડાના અને તેમનો શ્વાસ વગડામાં વસતો લાગે.

પ્હાડોના હાડ મારા પિંડમાં ને,
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને,
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારા ફરકે છે શ્વાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

શૈશવના મીઠા સંભારણા કવિને આવે છે તેમાં દાદાની રસભરી વાર્તાઓ,માતા – પિતાના સ્નેહની હૂંફ,તથા ભાઈ–બહેન સાથે સંતાકૂકડી રમવું, ઝાડ પર ચડવું અને તાજા ફળ તોડીને ખાવા, નદીમાં ડૂબકી મારવી અને તે રેતમાં પગ નાખી દેરા જેવી આકૃતિ બનાવવી વગેરેનાં સ્મરણો એક અનેરો ઉલ્લાસ ભરી દે છે. અને આ બધી યાદો વિશે કવિ હૃદય કહી ઊઠે છે કે , "શૈશવના એ દિવસો! ते ही नो दिवसा गता !"

- **પ્રજાજીવન**

પ્રકૃતિ વર્ણન અને શૈશવના મીઠા સંભારણા ઉપરાંત કવિ અહીં ત્યાંના વસતા આદિવાસી અને તેમના કઠિન જીવનને અહી સ્થાન આપે છે. મોટેભાગે ખેતમજૂરી કરીને રોજગાર મેળવતી આ પ્રજાની સ્થિતિ દયનીય છે. હિંસક પ્રાણીનો શિકાર કરતી આ પ્રજા સરકારી તથા ખાખી અધિકારીઓના શોષણથી તેમનાથી ડરીને રહેતી. ગુનાનો ખોટી આરોપ ન કબૂલ કરતા યુવાન માં તેમની ખુમારી દેખાય છે. જ્યારે દવાની પડીકીઓ આપ્યા બાદ ફરી લેવા આવેલ આદિવાસી રોગીની દાક્તર ખબર – અંતર પૂછે છે, ત્યારે જવાબ મળે છે:–'બાપા, તમારા પરતાપે હારુ લાગે છે, દવા તો હારી પણ આ કાગળિયા ચાવવાના ની ગમે.' એમ કહેવામાં તેમનું નર્યું ભોળપણ

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

અને અજ્ઞાન તેમના પ્રત્યે વ્હાલ અને કરુણા ઉપજાવે છે. આ જ અજ્ઞાનતા એ અંધશ્રદ્ધામાં બદલાતા ભૂવાઓ દ્ધારા પણ એમનું શોષણ થાય છે. અંધશ્રદ્ધામાં પણ તેમની એટલી શ્રદ્ધા છે કે તેમને તે શોષણ ભૂવાઓના આશીર્વાદરૂપ લાગે છે!

આવી સાવ રાંક–દીન પ્રજાનો એકમાત્ર ઉલ્લાસ એ હોળીનો ઉત્સવ તથા લગ્નપ્રસંગ. આ પ્રદેશમાં હોળી એ મુખ્ય તહેવાર છે. ઉત્સવ સમયે આ પ્રજા એકસાથે હર્ષોલ્લાસથી ઢોલના તાલે ગરબા રમે, નાચે–કુદે, ગીતો ગાય તથા આનંદસાગરમાં એવી ડૂબકી મારે કે તે ક્ષણોમાં એ પણ ભૂલી જાય કે તેમાંથી કેટલાય લોકોએ એક–બે દિવસથી અન્નનો એક દાણો પણ ખાધો નથી.

અંગ્રેજોને સુધરેલા પશ્ચિમનાં આદિવાસી ગણતા કવિ લખે છે કે, "ગોરા લોકો 'ચાહ' પીએ અને આ આદિવાસી 'છાહ' (છાશ) પીએ." આમ એક રમૂજ તત્વ કવિએ ઉમેર્યું છે.

લગ્નપ્રસંગે પણ આ જ ઉત્સાહમાં ગરબા રમે તથા લોકગીતોની વર્ષા થાય. આમ, લગ્ન અને હોળી તે તેમનાં બે મુખ્ય પ્રસંગ/તહેવાર.

- **કવિનું વતન પુનઃગમન**

કવિ અભ્યાસ માટે અને પછી તો વ્યવસાયિક કારકિર્દી ખેડવા બાર–તેર વર્ષની વયે ગામ છોડી છે અને હવે સાડા ત્રણ દાયકા પછી પોતાના વતન પાછો જાય છે. ત્યાં જુએ છે તો જે ઘોઘંબા ગામ હતું તે એક નગરની જેમ વિકાસ પામી રહ્યું છે. ત્યાંના લોકો પણ 'છાહ' ની જગ્યાએ 'ચાહ'ની ચૂસ્કી લઈ રહ્યા છે. રસ્તા, વીજળી, રેલવે જેવી સુવિધાઓ પહોંચી છે.

પરંતુ તેમના ગામનું ઘર ઉજ્જડ થઈ ગયું છે. ત્યાં હવે પહેલા જેવો ભાવ નથી.સુધારાના બુલડોઝર દ્ધારા તેમની શૈશવની સ્મૃતિમાં વસેલ ગ્રામ્ય સંસ્કૃતિ અને પ્રકૃતિ નાશ પામી છે. કવિચિત્તમાં એક પ્રશ્ન માળા ખડભડાટ મચાવી મૂકે છે:–

' જાંબુડીના ઝાડ ઉપર લટકતો,
લીલો લીલો મારો સૂરજ ક્યાં છે?
ક્યાં છે મારું ટેકરીઓનું ગામ,

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

ગામનું ઘર, ઘરની કોઢ, કોઢમાં

અંધારાની કાળી ગાયને દો'તી મારી બા?

ક્યાં છે........'

આજના સંદર્ભમાં જોતા સુધારા અને શહેરીકરણની આંધળી દોડમાં આપણે પોતાની મૂળ સંસ્કૃતિને, ગ્રામ્ય–સંસ્કૃતિને ભીંસતા જઈએ છીએ તથા પ્રકૃતિનું વિકાસના નામે નિકંદન થઈ રહ્યું છે તે ક્યાં સુધી ચાલશે ? 'વનાંચલ' આપણને વિચારવા મજબૂર કરી દે છે કે જો આ રીતે જ સંસ્કૃતિ અને પ્રકૃતિનું છેદન થતું રહે તો આપણે ક્યાં માર્ગ પર છીએ ? પ્રગતિનાં કે દુર્ગતિનાં ?

- **અંત – મનનાં 'વનઘર' તરફ પ્રયાણ**

ગ્રામ્ય–સંસ્કૃતિ અને પ્રકૃતિના નાશથી કવિ ભારે હૈયે પોતાના ગામ/વતન માંથી વિદાય લે છે. કવિનું 'વનાંચલ' માત્ર તેમની સ્મૃતિમાં જ રહ્યું છે!

"સવારે મોટરમાં વિદાય થાઉં છું, ઊંચા નીચા રસ્તા ઉપર આંચકા આપતી મોટર એકધારો અવાજ કરતી ચાલી જાય છે. વધતા જતા અંતર સાથે હું ચિત્તમાં ઊગેલા મારા વનાંચલમાં વધુને વધુ ઊંડે પ્રવેશતો જાઉં છું, નાની નાની કેડીઓ જેવી કાવ્યપંક્તિઓ મનમાં ઊઘડી રહી છે:

' અહીં હું જન્મ્યો'તો વનની વચમાં તે વન નથી,

નથી એ માટીનું ઘર, નિજ લહ્યા તે જન નથી;

અજાણ્યા તાકી રહે વદન મુજને સૌ સદનમાં,

વળુ પાછો મારે 'વનઘર' હું મારા જ મનમાં. '

- **સંદર્ભસૂચિ**

1. વનાંચલ – શબ્દલોક પ્રકાશન
2. અભ્યાસલેખ – શ્રી રમેશ એમ. ત્રિવેદી
3. https://youtu.be/95Px1hb8dQU?si=eg_XVtHzv3dEYbT8